Seat No. : _______________

# ZB-103

**April-2014**

## B.A. (Sem.-IV)

## CC-211 : Gujarati

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. એકાંકીના ઘટકતત્ત્વો દર્શાવી તેના સ્વરૂપની ચર્ચા કરો. **14**

**અથવા**

ગુજરાતી સાહિત્યમાં એકાંકીના સીમાચિહ્નરૂપ સ્તંભો દર્શાવી તેના વિકાસને આલેખો.

2. 'ચંદ્રવદન મહેતાનાં પ્રતિનિધિ એકાંકીઓ'ને આધારે એકાંકીકાર ચંદ્રવદન મહેતાની સિદ્ધિ-મર્યાદાઓ દર્શાવો. **14**

**અથવા**

'ચંદ્રવદન મહેતાનાં પ્રતિનિધિ એકાંકીઓ'માં ચંદ્રવદન મહેતામાં જોવા મળતી પ્રયોગશીલતાને આલેખો.

3. નીચેનામાંથી કોઈ **બે** વિશે ટૂંકનોંધ લખો : **14**
   (1) ચંદ્રવદન મહેતાનાં એકાંકીમાં તખ્તાલાયકી
   (2) 'હોહોલિકા'ની સમીક્ષા
   (3) 'અંતર-બહિર'માં વ્યક્ત થતું માનવમન
   (4) 'ધારાસભા'માં આલેખાયેલો કટાક્ષ

4. નીચેનામાંથી કોઈ **બે** પંક્તિનો વિચારવિસ્તાર કરો : **14**
   (1) રે અલ્પ આયુષ્ય અપૂર્વ ગીત થઈ
   સંસારને ગુંજનથી ભરી જા.
   (2) રેલાઈ આવતી છોને બધી ખારાશ પૃથ્વીની
   સિંધુના ઉરમાંથી તો ઉઠશે અમીવાદળી
   (3) પુરુષાર્થી લલાટે જે રીતે પ્રસ્વેદ પાડે છે,
   ઘણા પ્રારબ્ધને જળ છાંટીને એમ જ જગાડે છે.
   (4) ઊંચી-નીચી ફર્યા કરે જીવનની ઘટમાળ
   ભરતી તેની ઓટ છે, ઓટ પછી જુવાળ

5. નીચેના પ્રશ્નના જવાબ આપો : **14**

(1) ગુજરાતી સાહિત્યના પ્રથમ એકાંકીકાર કોણ છે ?

(a) ઉમાશંકર જોશી (b) ચિનુ મોદી

(c) બટુભાઈ ઉમરવાડિયા (d) જ્યંતી દલાલ

(2) નીચેનામાંથી કયા સર્જક આધુનિક એકાંકીકાર છે ?

(a) દુર્ગેશ શુક્લ (b) પન્નાલાલ પટેલ

(c) શિવકુમાર જોશી (d) લાભશંકર ઠાકર

(3) 'ડાયલનાં પંખી' એકાંકીના લેખક કોણ છે ?

(a) ચુનીલાલ મડિયા (b) ચિનુ મોદી

(c) રઘુવીર ચૌધરી (d) બટુભાઈ ઉમરવાડિયા

(4) નીચેનામાંથી કયું એકાંકી ચંદ્રવદન મહેતાનું છે ?

(a) આગગાડી (b) રંગદા

(c) શહીદ (d) આમાંથી એકેય નહીં

(5) ચં.ચી. મહેતાના એકાંકી સંગ્રહમાં રેડિયો પદ્યરૂપક કયું છે ?

(a) અહમાચાર્ય (b) ધારાસભા

(c) અત્ર લુપ્તા સરસ્વતી (d) મા

(6) ઈતિહાસ પર આધારિત કયું એકાંકી છે ?

(a) ધારાસભા (b) હું પરમેશ્વર

(c) અંતર-બહિર (d) છેલ્લો દાવ

(7) કયા એકાંકીમાં સરકારી વહીવટીતંત્ર પર કટાક્ષ કરવામાં આવ્યો છે ?

(a) અંતરજ્યોતિ (b) મા

(c) હોહોલિકા (d) ધારાસભા

(8) અભિરથની પત્નીનું નામ શું છે ?

(a) મૃદુલા (b) પૂર્ણિમા

(c) સરસ્વતી (d) આમાંથી એકેય નહીં

(9) મહેશના મૃત્યુ માટે કોણ જવાબદાર છે ?

(a) ડૉક્ટર (b) નર્સ

(c) શીલા (d) ભૂધર

(10) નીચેનામાંથી કયું એકાંકી નટી શૂન્ય છે ?

(a) હું પરમેશ્વર (b) ધારાસભા

(c) અંતર-બહિર (d) અહમાચાર્ય

(11) 'અહમાચાર્ય' એકાંકી લેખકે કયા લેખકના એકાંકી પરથી લખેલું છે ?

(a) બર્નાર્ડ શો (b) ડારિયો નિક્રોડેમી

(c) એન્તન ચેખોવ (d) આમાંથી એકેય નહીં

(12) એકાંકીકારે મર્યાદિત પટમાં વિહરવાનું હોય છે.

(a) આ વિધાન સાચું છે. (b) આ વિધાન ખોટું છે.

(13) 'નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન' માં શું કહેવા માગે છે ?

(a) જીવનમાં ઊંચું લક્ષ્ય રાખવું જોઈએ.

(b) જીવનમાં જેમ ચાલે છે તેમ ચાલવા દેવું.

(c) ઊંચું લક્ષ્ય રાખવાથી તે પૂરૂં થતું નથી.

(d) ઉપરનામાંથી એકેય અર્થ નથી.

(14) 'મને મળી નિષ્ફળતા અનેક, તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં' – આ પંક્તિમાં શું કહેવા માંગે છે ?

(a) જીવનમાં સફળતા મળવી બહુ અઘરી છે.

(b) નિષ્ફળતા મળવાથી હતાશ થવાની જરૂર નથી.

(c) નિષ્ફળતાથી હતાશા આવી જાય છે.

(d) ઉપરનામાંથી એકેય અર્થ થતો નથી.

---